મહત્તમ : ૪૦.૨ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૨૭ ટકા
**ગાંધીનગર તાપમાન**

### મોતના સરોવર બની ગયેલા

# સંત સરોવરમાં હવે ન્હાવા પર પ્રતિબંધ લદાશે..!

**સંત સરોવરમાં ન્હાવા આવતા સહલાણીઓના ડુબી જવાના વધી ગયેલા કિસ્સાઓને ગંભીરતાથી લઈ તંત્રએ પ્રતિબંધીત વિસ્તાર જાહેર કરવાનો નિર્ણય લીધો : ટુંક સમયમાં જાહેરનામું પ્રસિધ્ધ થશે**

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરનું નવું પીકનીક પોઈન્ટ બની ગયેલું સંત સરોવર હવે મોતનું સરોવર સાબિત થયું છે. દર બે ત્રણ દિવસે એકાદ-બે સહેલાણી ન્હાવા પડયા ને ડુબી ગયાના બનાવો ધ્યાને આવે છે. આ જોખમી સ્થળમાં હોમાતા સહેલાણીઓને અટકાવવા માટે કલેકટર કક્ષાએથી આ બાબતને ગંભીરતાથી લઈ સંત સરોવરમાં ન્હાવા જવા ઉપર પ્રતિબંધ મુકવાનો નિર્ણય લેવાયો હોવાનું અને ટુંક સમયમાં જ ન્હાવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવાના હોવાનું વિશ્વાસનીય સુત્ર પાસેથી જાણવા મળ્યું છે.

ત્રણેક દિવસ પહેલા સંત સરોવરમાં ત્રણ વર્ષની બાળકીનું ડુબી જવાથી મૃત્યુ થયું હતું. બે દિવસ પહેલા એક અમદાવાદી



યુવાનનો પગ ફસાઈ જતા ડુબતો બચ્યો હતો. ગઈ કાલે અમદાવાદના સરદારનગર વિસ્તારમાંથી ન્હાવા આવેલા યુવા મિત્રોના ટોળામાંથી બે યુવાનો ડુબી જવા પામ્યા હતા. આ બંને સરદારનગરના યુવાનોની મોડ સાંજ સુધી ફાયરબ્રિગેડની ટીમો દ્વારા શોધખોળ કરવામાં આવી હતી રાત્રે સાડા નવ વાગ્યાના અરસામાં ડુબી ગયેલા ૨૭ વર્ષીય વિશાલ રજનીકાંતભાઈ ત્રિવેદી અને ૩૫ વર્ષીય કનુભાઈ લક્ષ્મણભાઈ ભીલના મૃતદેહ ફાયરબ્રિગેડની ટીમે બહાર કાઢયા હતા. ડભોડા પોલીસે આ ઘટનાની તપાસ શરુ કરી છે. ન્હાવા પડતા ડુબી જવાના કિસ્સાઓ અગાઉ પણ ઘણા બન્યા છે. આ બાબતને ગંભીરતાથી લઈ કલેકટર કક્ષાએથી આ વિસ્તારને પ્રતિબંધીત વિસ્તાર જાહેર કરવા નિર્ણય લેવાયો છે. નજીકના દિવસોમાં જ આ જોખમી પિકનીક સ્પોટ ઉપર ન્હાવા પર પ્રતિબંધ લગાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવશે તેમ સુત્ર પાસેથી જાણવા મળ્યું છે.



## શું પાણી ચાટવાથી તરસ છીપાશે??

ઉનાળો બળબળતા બપોર સાથે આકાશી અગન વરસાવી રહ્યો છે જેના કારણે માનવી તો શું પશુ-પંખી-પ્રાણીઓ તમામ વારંવાર તરસ્યા થઈ જાય છે અને પાણી શોધવા લાગી જાય છે. આજકાલ સોશ્યલ મિડીયા થકી અબોલ પંખીઓ માટે પક્ષી પરબ મુકવાના અઢળક મેસેજ ફરતા જોવા મળે છે. અને શહેરમાં અનેક સેવાભાવી સંસ્થાઓ વિના મુલ્યે પક્ષી પરબોનું વિતરણ પણ કરે છે. પરંતુ વાનર, કૂતરા, બિલાડી સહિત અન્ય વિચરતા પ્રાણીઓ માટે ઉનાળામાં તરસ છીપાવવી એ મોટો પડકાર બની જાય છે. ગાંધીનગરના સેકટર-૧૬માં પાટનગર યોજના ભવન પાછળ આવેલા પાણી સમ્પની આજુબાજુ ઢોળાયેલું પાણી ચાટીને તરસ છીપાવતા વાનરો જોઈને કોઈ પણ જીવદયા પ્રેમીનું હૃદય હચમચી ઉઠે તેમાં બે મત નથી.

## વાતવાતમાં

● સંત સરોવરમાં બે દિવસમાં બે યુવાનો એક બાળકી ડૂબી જવાની ઘટના શહેરમાં ટોક ઓફ ધ ટાઉન બની છે. આ ઘટનાને પગલે શહેરના વાલીઓએ તેમના યુવા સંતાનોને સંત સરોવર ન્હાવા માટે નહી જવા તાકીદ કરવા માંડી છે.

● વેકેશનને પગલે નગરજનો થોડા દિવસો માટે બહારગામ કે મામા-માસીના ઘરે ગયા હોવાથી સોસાયટીઓ, ચોકઠા ખાલી ભાસી રહ્યા છે.

# ‘સાહેબો’ને યોગ્ય રીતે વાહન પાર્ક કરવાનું કોણ કહેશે??

**જુના સચિવાલય સંકુલમાં અધિકારીઓનું જ ‘જોખમી’ પાર્કિંગ : પાર્કિંગ લોટ બાજુમાં જ હોવા છતાં રોડ પર વાહન પાર્ક કરતા અધિકારીઓ : સામાન્ય નાગરિકને વારંવાર દંડતું તંત્ર અધિકારીઓને દંડશે ખરું??**

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરમાં ફરી એક વાર વાહનચાલકોને ટ્રાફિકના નિયમોના ભંગ બદલ ઈ-મેમો પાઠવવાનું શરુ કરી દેવાયું છે જેના કારણે કાળઝાળ ગરમીમાં પણ ટુ વ્હીલર ચાલકોને હેલ્મેટ પહેરવા પડી રહ્યા છે. જો સામાન્ય વાહનચાલકથી જરાક અમથી ભૂલ થાય તો તુરંત ઘરે મેમો આવી જાય છે પરંતુ પાટનગરમાં સરકારી અધિકારીઓ ગમે તેટલા નિયમોના ભંગ કરે, નિયમોની ઐસી તૈસી કરે પરંતુ તેમને દંડવાનું તો ઠીક કોઈ બે શબ્દો પણ કહી શકતું નથી.

પાટનગરના જુના સચિવાલય ખાતે સરકારી અધિકારીઓ તેમના વાહનો નિયમોને ઘોળીને પી જવા સાથે એવી રીતે આડેધડ પાર્ક કરી રહ્યા છે જેના કારણે જુના સચિવાલય સંકુલમાં ટ્રાફિક જામ થવા સાથે અકસ્માતનું જોખમ ખડું થઈ રહ્યું છે. જુના સચિવાલય ડૉ. જીવરાજ મહેતા ભવન સંકુલમાં પુરતી પાર્કિંગ વ્યવસ્થા હોવા છતાં ખુદ સરકારી અધિકારીઓના જ વાહનો રોડ પર પાર્કિંગ થયેલા જોવા મળે છે અને બાજુમાં જ પાર્કિંગ લોટ ખાલીખમ પડયા હોય છે. અધિકારીઓના વાહનોના કારણે અન્ય મુલાકાતીઓ પણ તેની આસપાસ રોડ પર જ વાહન મુકવા પ્રેરાય છે જેના કારણે રસ્તો સાંકડો થઈ જવા પામે છે.



વળી, જે બ્લોક ખુણા પર આવેલા છે જેમ કે બ્લોક નં. ૪ અને ૫ તે બ્લોકની બાજુમાં રોડ ટર્નિંગ લેતો હોવા છતાં આ રીતે નડતરરૂપ વાહન પાર્કિંગ અકસ્માતનું જોખમ વધારે છે પરંતુ આ અધિકારીઓને દંડવાનું તો ઠીક કોઈ વાહન સરખી રીતે પાર્ક કરવા વિનંતી સુધ્ધાં કરી શકતું નથી તેવો તેમનો રોફ હોય છે. આરોગ્ય અને તબીબી કમિશનરની કચેરી પાસે આ પ્રકારના વાહન પાર્કિંગ સૌથી વધુ જોવા મળે છે. જયાં બરાબર સામે જ પાર્કિંગ લોટ હોવા છતાં તે સાવ ખાલીખમ હોય છે અને વાહનો રોડ રોકીને ઉભા હોય છે. શું વારંવાર ટ્રાફિકના નિયમોના નામે સામાન્ય નાગરિકોને દંડતા તંત્રની એ ફરજ નથી કે આ અધિકારીઓને કાયદાનું પાલન કરાવી શકે? શું અધિકારી હોય એટલે તેમને ટ્રાફિકના નિયમના ભંગ બદલ દંડવાના નહીં? આ પ્રકારના સવાલો સાથે જુના સચિવાલયના મુલાકાતીઓ તથા અન્ય કર્મચારીઓમાં આ બેજવાબદાર વાહન પાર્કિંગ પ્રત્યે રોષની લાગણી જોવા મળે છે.

### અધિકારીઓની ‘સાહેબગીરી’ સામે પાર્કિંગ કર્મચારીઓ લાચાર

જુના સચિવાલય સંકુલમાં કેટલાક પાર્કિંગ લોટમાં પાર્કિંગ કરાવતા કર્મચારીઓ હોય છે પરંતુ તેઓ પણ અધિકારીના રોફ સામે લાચાર બની જાય છે. જો કોઈ કર્મચારી વાહન પાર્કિંગ લોટમાં મુકવા વિનંતી કે સૂચન કરે તો આ અધિકારીઓ તેને તોછડાઈથી ખખડાવી નાંખતા અટકતા નથી. આ અધિકારીઓમાં ટ્રાફિક સેન્સ સાથે મેનર્સની પણ અછત હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે.

## આજે શહેરમાં મહારાણા પ્રતાપની જન્મજયંતિ નિમિતે લોકડાયરો યોજાશે

ગાંધીનગર, તા.૮

ભારતના વીર સપૂત મહારાણા પ્રતાપની જન્મ જયંતિ નિમિતે શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર અને સંગીત નાટક અકાદમી ગુજરાત રાજયના સંયુકત ઉપક્રમે ભવ્ય લોકડાયરાનું આયોજન તા.૯-૫-૧૮ને બુધવારના રોજ રાત્રે ૮ કલાકે ક-૭ શિવાલય પાર્ટી પ્લોટમાં કરવામાં આવ્યું છે. આ લોકડાયરાના સુંદર પ્રસંગે રાજપૂત સમાજ ગાંધીનગરની વેબસાઈટનું લોકાર્પણ કરવામાં આવશે. આ ભવ્ય સાહિત્યિક લોક ડાયરાના મુખ્ય મહેમાન તરીકે રમત-ગમત અને યુવક સાંસ્કૃતિક વિભાગના રાજયકક્ષાના મંત્રી ઈશ્વરસિંહ પટેલ, શહેરના ધારાસભ્ય ડો.સી.જે.ચાવડા, સામાજીક આગેવાન ગોધાવીના નટુભા વાઘેલા ઉપસ્થિત રહેશે. ડાયરાના પ્રસિધ્ધ કલાકાર અનુભા ગઢવી તથા કલાવૃંદ દ્વારા ભવ્ય ડાયરાની બેઠક જમાવવામાં આવશે. આ લોક ડાયરામાં ગાંધીનગર શહેર અને જિલ્લાના તમામ રાજપૂત સમાજના ભાઈઓ-બહેનો તેમજ યુવાનોને ઉપસ્થિત રહેવા રાજપૂત સમાજના મહામંત્રી પ્રદિપસિંહ બિહોલાએ હાર્દિક અનુરોધ કર્યો છે.

# રીલાયન્સ નેવલ કંપનીની સામે રાજુલાના ધારાસભ્યના ગાંધીનગરમાં ધરણા

ગાંધીનગર, તા.૮

રાજુલા સ્થિત રીલાયન્સ નેવલ કંપની દ્વારા કરવામાં આવેલ કૌભાંડો તેમજ શોષણ બાબતે રાજુલાના ધારાસભ્ય અમરીશ ડેરે આજે ગાંધીનગર સેકટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે એક દિવસના પ્રતિક ઉપવાસ કર્યા હતા અને ભાજપ સરકારના રાજમાં કૌભાંડી કંપનીઓ મોજમાં છે જયારે કોન્ટ્રાકટરો કામદારો બોજમાં છે તેવા ગંભીર આક્ષેપ કર્યા હતા.

રાજુલા ખાતે રીલાયન્સ નેવલ કંપની કૌભાંડોના જ ઉત્પાદન માટે નિર્માણ પામેલી હોય તેવું લાગી રહ્યું છે. કારણ કે કંપની દ્વારા અત્યાર સુધી ચાઈના કૌભાંડ, ડિઝલ કૌભાંડ, જમીન કૌભાંડ, બેંક કૌભાંડ જેવા અનેક કૌભાંડો કરવામાં આવ્યા છે ત્યારે કૌભાંડોની સાથે સાથે આવી મોટી કંપનીએ નાના માણસોને પણ લૂંટવામાં બાકી રાખ્યા નથી જે ખુબ શરમજનક બાબત છે. કારણકે નાના માણસોનો રોજગારી મળે એ હેતુ માટે



સરકાર દ્વારા કંપનીઓનો છુટછાટ આપવાની મોટી મોટી વાતો થતી હોય છે. પરંતુ આવી કંપનીઓ રોજગારી આપવાની જગ્યાએ જયારે નાના માણસોને લૂંટે ત્યારે સરકારની ભૂમિકા પણ શંકાના દાયરામાં આવે છે. રીલાયન્સ નેવલ કંપનીએ અનેક કોન્ટ્રાકટરો, કામદારો અને વેપારીઓ પાસે કામ કરાવી આવા નાના માણસોનું ૧૫૦ કરોડથી પણ વધારે રૂપિયા અટકાવે છે ત્યારે આંદોલનકારી પ્રવિણ રામના નેતૃત્વમાં રીલાયન્સ નેવલ કંપનીમાં છેલ્લા ૫૬ દિવસથી હડતાલ તેમજ ધરણાં ચાલી રહ્યા છે ત્યારે આ ૫૬ દિવસથી ચાલતી લડતને તમામ પક્ષોનું તેમજ તમામ સ્થાનિક આગેવાનોનું સમર્થન મળી રહ્યું છે. છેલ્લા ૫૬ દિવસથી ચાલતી આ લડતના સમર્થનમાં તેમજ આવી શોષણકારી કંપનીની વિરૂધ્ધમાં રાજુલાના ધારાસભ્ય દ્વારા ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા કરવામાં આવ્યા હતા અને કામદારો-વેપારીઓને તેમના કામના નાણાં મળે તે માટે રાજયના મુખ્ય સચિવને લેખિતમાં રજુઆત કરી અને સત્વરે ન્યાય કરવા અનુરોધ કર્યો હતો.

# સંત સરોવર પાસેથી એકટીવા ઉઠાવી જનાર શખ્સ ઝડપાયો

**ઈન્દ્રોડા ગામના જ શખ્સે દોઢ મહિના પહેલા સહેલાણીના એકટીવાનું લોક તોડી ચોરી કરી હતી**

ઈન્દ્રોડા પાસે સંત સરોવરમાં ન્હાવા આવતા સહેલાણીઓની ભારે ભીડ જામે છે. આ સ્થળે પાર્કીંગમાં પડેલા



વાહનોની ઉઠાંતરી અને વાહનની ડેકી તોડી કિંમતી મુદ્દામાલની ચોરીની ઘટનાઓ વધી ગઈ છે ત્યારે ઈન્ફોસીટી પોલીસની ટીમે આ સભ્યોને પકડવા કવાયત શરુ કરી ગઈ કાલે ઈન્દ્રોડા ગામના જ એક વાહનચોરને પકડી પાડયો હતો. દોઢ મહિના પહેલા એકટીવાનું લોક તોડી સંત સરોવરથી ચોરી કરી નંબર પ્લેટ તોડીને ફેરવતો ઈન્દ્રોડાના શખ્સ ઈન્ફોસીટી પોલીસના હાથે ઝડપાઈ જતા પોલીસે ચોરીનું એકટીવા રીકવર કરી એકટીવા ચોરની ઊંડી પુછપરછ શરુ કરી છે.

ઈન્ફોસીટી પી.આઈ. કે.કે. દેસાઈની સુચનાથી તેમની સર્વેલન્સ સ્કવોર્ડના પીએસઆઈ કૃણાલ પટેલ તથા તેમની ટીમ સંત સરોવર પાસે થતી ચોરીઓને નિયંત્રણમાં લાવવા અને ચોરોને પકડવા સક્રીય થઈ છે. દરમિયાન ચોકકસ બાતમી મળી હતી કે ઈન્દ્રોડા ગામથી ઈન્દ્રોડા સર્કલ તરફ નંબર વગરનું એકટીવા લઈને એક શખ્સ નીકળશે તે સંત સરોવરથી ચોરાયેલું એકટીવા છે. જે આધારે પીએસઆઈ કૃણાલ પટેલ, એમ.આર. પટેલ, કોન્સ્ટેબલ રવિન્દ્રસિંહ અને સિધ્ધરાજસિંહ ઈન્દ્રોડા સર્કલ પર વૉચ પર ગોઠવાઈ ગયા હતા. આ એકટીવા લઈને નીકળેલા શખ્સને પકડી પુછપરછ કરતા ઈન્દ્રોડા ગામમાં વચલો વાસમાં રહેતો દિલીપ ગાંડા ઠાકોર હોવાનું ખુલ્યું હતું. તેની સઘન પુછપરછમાં બહાર આવ્યું કે તેણે દોઢેક માસ પહેલા સંત સરોવર પાસે પાર્કીંગમાંથી એકટીવાનું લોક તોડી ચોરી કરી લીધું હતું. ત્યારબાદ નંબર પ્લેટ તોડી નાંખીને આ શખ્સ એકટીવા લઈને ફરતો હતો. ઈન્ફોસીટી પોલીસે ચોરીનું એકટીવા રીકવર કરી આરોપીની ધરપકડ કરી સઘન પુછતાછ શરુ કરી છે.

## શહેરના સે-૩ બી ખાતે ખુલ્લી ગટર નાગરીકો માટે જોખમી

ગાંધીનગર, તા.૮

પાટનગરમાં સ્થાનિક તંત્ર દ્વારા અવાર-નવાર સર્જાયેલી સમસ્યાઓનું સમારકામ શરુ કરવામાં આવે છે. પરંતુ આ કામગીરી પૂર્ણ નહીં થતા રહીશો અને સામાન્ય નાગરીકો માટે જોખમી બનતી હોય છે. ત્યારે શહેરના સેકટર-૩ બી ના પ્લોટ નં-૨૫૦ થી ૨૬૦ વચ્ચે આવેલી ગટર થોડા સમય અગાઉ તુટી જવા પામી છે. જે અંગે સ્થાનિક રહીશો દ્વારા રજુઆત પણ કરવામાં આવી હતી. પરંતુ તંત્ર દ્વારા તુટેલી ગટરના સમારકામ અંગે કોઈ જ કાર્યવાહી હાથ ધરવામાં નહીં આવતા ના છુટકે અકસ્માત ન સર્જાય તે માટે રહીશો દ્વારા આડશ ઉભી કરવામાં આવી છે. તો બીજી તરફ માર્ગ ને સમાંતર ગટર આવેલી હોવાથી અવર-જવર કરતા વાહન ચાલકો તેમજ નજીકના વિસ્તારના બાળકો માટે પણ જોખમી બની છે. તંત્ર દ્વારા સમારકામની કામગીરી નહીં કરતા વસાહતીઓમાં તંત્રની ઢીલી નીતિ સામે રોષ ઉભો થયો છે. વસાહતીઓએ તંત્ર સમક્ષ લેખિત તેમજ મૌખિક રજુઆત કરી હોવા છતા આજદિન સુધી ગટરનું સમારકામ કરવામાં આવ્યું નથી. જેથી સત્વરે કામગીરી શરુ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

### ચિરવિદાય

● સ્વ. નાયી ચુનીલાલ મોતીરામ, ઉ.વ. ૮૯

# ‘મુલાકાતીઓએ વાહન બહાર પાર્ક કરવા’ - શહેરમાં ઠેર ઠેર બોર્ડ

**મહેમાન કે મુલાકાતીઓએ પોતાના જોખમે કિંમતી વાહન નોંધારૂ મુકવાની નોબત : ઉમળકાભેર આવતા મહેમાનોને પ્રવેશ સમયે જ કડવો અનુભવ : પાર્કિંગનો જટીલ પ્રશ્ન રહેણાંક વિસ્તારોમાં પહોંચ્યો**

ગાંધીનગર, તા.૮

સમગ્ર દેશમાં પાર્કિંગ અંગેની સમસ્યા એ સૌ કોઈને હચમચાવી મુકયા છે. વ્યવસાયિક ક્ષેત્રોમાં તો આ પ્રશ્ન સતત સતાવતો જ રહ્યો છે જે હવે રહેણાંક વિસ્તારોમાં પણ મુશ્કેલી સર્જી રહ્યો છે. અમદાવાદ, ગાંધીનગરના નવા વિકસિત વિસ્તારોમાં ફલેટ, સોસાયટી અને સંકુલના પ્રવેશ દ્વાર ઉપર જ ‘મુલાકાતીઓએ વાહન બહાર પાર્ક કરવા’ જેવા બોર્ડ મુકી સમસ્યાને નિવારવા પ્રયાસો કર્યા છે. પરંતુ જે તે રહીશના ઘરે આવતા મહેમાન કે મુલાકાતીઓની માનસિક સ્થિતિ આ બોર્ડ જોઈને શુન્યાવકાશ જેવી થઈ જાય છે. જેમાં પોતાનું કિંમતી વાહન રહેણાંક વિસ્તાર બહાર નોંધારૂ મુકીને જવાથી ચોરી કે તુટફુટનો ભય રહે છે. જેથી સરકાર દ્વારા મંજુર થતી નવી સ્કીમોમાં વાહનપાર્કિંગનો ફરજીયાત સમાવેશ કરાય તેવી માંગ પણ ઉઠવા પામી છે.

ગાંધીનગર શહેરમાં અને નજીકમાં જ વિકસીત થયેલા કુડાસણ, સરગાસણ, ધોળાકુવા, રાયસણ, કોબા જેવા વિસ્તારોમાં નવી રહેણાંક સ્કીમો આકાર પામી છે. આ સ્કીમોમાં રહેતાં સભ્યો માટે અલાયદી પાર્કિંગ વ્યવસ્થા કરવામાં આવી છે. પરંતુ સ્કીમની બહાર દરવાજા ઉપર ‘મહેમાનો અને મુલાકાતીઓએ વાહન બહાર પાર્ક કરવા’ જેવું બોર્ડ લગાવીને મુલાકાતીઓના વાહનોને અંદર પ્રવેશ કરવા દેવાતો નથી. આ બોર્ડ લગાવીને પાર્કિંગનો મોટો પ્રશ્ન હોવાનું પ્રથમ દ્રષ્ટિએ લાગે છે. પરંતુ જે તે રહીશના ત્યાં ઉમળકાભેર મળવા આવતા મહેમાન કે મુલાકાતીઓને પ્રવેશ સમયે જ પોતાને દૂર રાખ્યા હોવાની લાગણી ઉભી થાય છે. વધુમાં પોતાનું કિંમતી વાહન સ્કીમની બહાર પોતાના જોખમે નોંધારૂ મુકવાની નોબત ઉભી થતા પરત જતાં રહેવાની ઈચ્છા જન્મે છે.

વધુમાં વિસ્તાર અજાણ્યો હોવાથી મુલાકાતીને વાહન કયાં પાર્ક કરવું તે પ્રશ્ન પણ સતાવે છે. ફલેટ, સોસાયટી કે રહેણાંકમાં રહીશો સિવાયના આવતા તેના પરિચિતો આ કારણથી લગભગ આવવાનું ટાળે છે અથવા જલદીથી પરત થઈ જાય છે જેમાં વાહનની સુરક્ષા મહત્વની બની છે. આ તો બાબતને ગંભીરતાથી વિચારી યોગ્ય ઉપાય સરકાર દ્વારા મંજુર કરાતાં બાંધકામ પ્લાનમાં રાખવો જોઈએ તેવું લોકો ઈચ્છી રહ્યા છે.

